# રાજકીય શતરંજના ખેલમાં કોંગ્રેસને ચેક-મેટ

**રાજ્યપાલપદે વજુભાઈને બેસાડી કર્ણાટક ફતેહનો દાવ ચાર વર્ષ અગાઉ ખેલાયો હતો : મોદી-અમિત શાહની જોડી આ દાવ ખેલવામાં સફળ રહી : કોંગ્રેસને આ સોગઠાંબાજી સમજતા હજુ વાર લાગશે**

ગાંધીનગર, તા. ૧૮

નરેન્દ્ર મોદી-અમિત શાહ રાજકીય સોગઠાંબાજી ગોઠવવામાં માહેર છે તે ફરી એકવાર પૂરવાર થયુ છે. કર્ણાટકમાં પૂર્ણ બહુમતી ભલે ન મળી હોય પરંતુ સરકાર તો ભાજપની જ રચાઈ છે. કર્ણાટકમાં સત્તા મેળવવાની સોગઠાંબાજી ચાર વર્ષ અગાઉ જ વજુભાઈ વાળાને રાજ્યપાલ પદે બેસાડીને ગોઠવાઈ હતી. આ વાત હવે પુરવાર થઈ ચુકી છે. મોદી-અમિત શાહની રાજકીય ગણતરી

**સમયસર**

સમજી ન શકનાર કોંગ્રેસ પાર્ટી ફરી એકવાર સત્તાથી દૂર થતી જણાઈ રહી છે.

કર્ણાટકનો ઈતિહાસ રહ્યો છે અહીં કોઈ એક પાર્ટી બીજી ટર્મ માટે જીતી શકી નથી. કોંગ્રેસના સિદ્ધાર્થમૈયાએ અહીં સતત પાંચ વર્ષ સત્તા જાળવી રાખી તે પણ એક રેકોર્ડ છે. લોકોની આવી માનસિકતા હોય તો મોદી લહેરમાં ભાજપને ચોક્કસ ફાયદો મળશે તેનો ક્યાસ મોદી અને અમિત શાહે ચાર વર્ષ અગાઉ કાઢી લીધો હતો. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ પ્રધાનમંત્રી પદે બિરાજેલા નરેન્દ્ર મોદીએ રાજકારણના ખેરખાં ગણાતા અમિત શાહ સાથે મળીને જ્યાં જ્યાં કોંગ્રેસનું શાસન હતુ તેના સફાયાની તૈયારીઓ આરંભી દીધી હતી. તેમાં કર્ણાટકનો પણ સમાવેશ થતો હતો. દક્ષિણના રાજ્યો પર પકડ જમાવવા માટે કર્ણાટક શ્રેષ્ઠ રાજ્ય હોઈ અહીં રાજ્યપાલપદે ગુજરાત ભાજપના દિગ્ગજ નેતા વજુભાઈ વાળાને બેસાડી દેવાયા હતા. વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ આ નિમણૂંક કરવામાં આવી હતી. કોંગ્રેસી સિદ્ધાર્થમૈયાની સરકાર પર આ રીતે સીધી જ નજર રાખવાની અને રાજ્યની પળેપળની વિગત હાઈકમાન્ડ સુધી પહોંચાડવાની આ અફલાતૂન યોજના હતી. બંધારણીય હોદ્દાની રૂએ માત્ર સહીઓ કરવાના બદલે રાજ્યપાલ વજુભાઈ વાળાએ પણ પોતાની જવાબદારી સુપેરે નિભાવી અને રાજ્યની પળે પળની વિગત હાઈકમાન્ડ સુધી પહોંચાડી. એટલુ જ નહી આ વિગતોનો વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ તરફે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનુ માર્ગદર્શન પણ આપ્યુ.

ચાર વર્ષ અગાઉ કરાયેલા આ જડબેસલાક આયોજનના પરિણામો ભાજપને કર્ણાટક ચૂંટણીમાં મળ્યા છે.

કોંગ્રેસની નબળી સીટો પર ભાજપે જેડીએસ સાથે છાના ખૂણે હાથ મિલાવી હલ્લાબોલ કર્યુ. કાર્યકરોનું વ્યાપક નેટવર્ક અને જોરદાર બુથ મેનેજમેન્ટના પરિણામે ભાજપ અહીં સીંગલ લાર્જસ્ટ પાર્ટી બનીને ઉભરી આવ્યું. જોકે એ વાત અલગ છે કે ચૂંટણી પહેલાં ભાજપ સાથે છાના ખૂણે હાથ મેળવનાર જેડીએસ ચૂંટણીના પરિણામો બાદ સત્તા મેળવવાની લાલસાએ કોંગ્રેસ સાથે જોડાઈ ગયુ છે પરંતુ હવે ભાજપને તેનાથી કોઈ ફેર પડે તેવુ લાગતુ નથી. યેદુરપ્પાએ મુખ્યમંત્રી પદના શપથ લીધા છે અને પંદર દિવસમાં બહુમતી સાબિત કરવાનો સમય માંગ્યો છે. ભાજપને બહુમતી સાબિત કરવા ખુબ ઓછા ધારાસભ્યોની જરૂર છે. રાજકીય સોગઠાબાજીમાં નિષ્ણાંત આકાઓ તેનો પણ કોઈ ઉપાય શોધી કાઢશે તેવુ આશા યેદુરપ્પાને તો છે જ.



વાતાવરણમાં પલ્ટો - ગુરૂવારની સાંજે વાતાવરણમાં નજીવો પલ્ટો અનુભવાયો હતો... છુટાછવાયા વાદળોએ ઘેરુ વાતાવરણ સર્જ્યું હતું... પવનની ગતિમાં પણ વધારો થતાં આંધીના ભણકારા વાગતા હતા... જોકે પવન સમી જતા આંધી કે તોફાન ટળ્યું હતું...

# સરીતા સ્ટેશનની પેનલમાં ખામી સર્જાતા નવા સેકટરોમાં પાણી પૂરા ફોર્સથી ન આવ્યુ

ગાંધીનગર તા ૧૭

શહેરના નવા સેકટરોમાં આજે ફાર્સથી પાણી ન આવતા આકરી ગરમીમાં સેકટરવાસીઓ અકળાયા હતા. શહેરના નવા સેકટરોમાં પાણી આજે ફોર્સથી આવ્યુ ન હતુ જેના લીધે ગૃહીણીઓમાં રોષ પ્રવર્તયો હતો. સરીતા ઉદ્યાનના પમ્પીંગ સ્ટેશનની પેનલમાં ટેકનિકલ ખામી આવતા પાણી ફોર્સથી આપી શકાયુ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે .જો કે આવતીકાલથી રાબેતા મુજબ ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના નવા સેકટરોમાં આજે પાણીની પોકાર ઉઠવા પામી હતી. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાતને સંતોષવા માટે પાણીનો સપ્લાય વધારી દેવામાં આવ્યો છે. ગરમીના દિવસોમાં શહેરમાં પાણીનો ઉપયોગ પણ વધ્યો છે. જયારે પાણીની જરૂરિયાતને ધ્યાને લઈ સેકટરોમાં કોઈ ફરિયાદ ન ઉઠવા પામે તેનો વિશેષ ખ્યાલ રાખવામાં આવતો હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. પરંતુ આજે નગરના નવા સેકટરોમાં પાણીનો સપ્લાય ધીમે

**પેનલમાં સર્જાયેલી ક્ષતિનુ નિવારણ થતા આજથી રાબેતા મુજબ ફોર્સથી સપ્લાય અપાશે**

આપવામાં આવ્યો હતો.

નગરના સે-૮ માં પણ પાણી ફોર્સથી ન આવ્યુ હોવાની ફરિયાદો રોષનુ કારણ બની હતી. જો કે સરીતા ઉદ્યાનની ટાંકીની મશીનરીની પેનલમાં ખામી સર્જાઈ હોવાથી પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આજે દિવસ દરમિયાન આ ક્ષતિનુ નિવારણ પણ આવી ગયુ હોવાથી આવતીકાલથી રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# જળસંચયના કામોની તપાસ અને અભ્યાસ માટે ત્રણ સભ્યોની ટીમ જિલ્લાના પ્રવાસે

**માણસા-કલોલમાં તપાસ કર્યા બાદ ટીમ આજે દહેગામ તપાસ માટે ગઈ હતી**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં જળસંચયની ધીમી કામગીરીની વાતો વચ્ચે રાજ્ય સરકારે તળાવ ઊંડા કરવાની ચાલી રહેલી કામગીરીમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન માટે ત્રણ અધિકારીઓની ટીમ ગાંધીનગરમાં ઉતારી છે.

મળતી વિગતો પ્રમાણે ત્રણ દિવસ આ ટીમ રોકાઈ છે. આ ટીમે કલોલ તાલુકાના ધમાસણા, ખોરજડાભી, ઈટલા, માણસા તાલુકાના ખડાત, વરસોડા અને લોદરામાં ચાલી રહેલા કામોનું નીરીક્ષણ કરી અને આજે દેગામ તાલુકાની મુલાકાતે જવા રવાના થઈ હતી. ટીમમાં ત્રણ સભ્યો છે અને તે ૧૦થી વધુ ગામોમાં ચાલી રહેલા કામોની સમીક્ષા કરી પોતાનો અહેવાલ ગ્રામ વિકાસ કમિશ્નરની કચેરીને સીધો આપનાર છે.

જિલ્લામાં ઈન્સ્પેક્શન માટે આણંદ જિલ્લા ગ્રામ વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

# બિહારના અધિકારીઓની ટીમ જિલ્લાના પ્રવાસે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ઈ-ગ્રામ અને આંકડાકીય પ્રણાલીની કામગીરીના અભ્યાસ માટે બિહારથી એક ટીમ આવી છે. આ ટીમે આજે અડાલજ ગામ ઉપરાંત જિલ્લા પંચાયતના ડેટા સેન્ટરની મુલાકાત લીધી હતી.

બિહારથી આવેલ આ ટીમે ઈ-ગ્રામ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતો દ્વારા અપાતી વિવિધ સેવાઓને નિહાળી પ્રસન્નતા વ્યકત કરી હતી.

આ ટીમે જિલ્લા પંચાયત ખાતે ડેટા સેન્ટરની મુલાકાત લઈ આંકડાકીય પ્રણાલીની કામગીરી પણ નિહાળી હતી. ટીમે ડેટા સેન્ટરમાં થતી કામગીરીથી પ્રભાવિત થઈ અને કામગીરીની ખુબ જ ઝીણટભરી સમીક્ષા કરી હતી.

ટીમ તાલુકા કક્ષાએ ચાલતી કામગીરી તેમજ જિલ્લા આયોજન મંડળ દ્વારા થતી કામગીરી પણ નિહાળવા જનાર છે એટલું જ નહિ વિકાસના કામોનું કેવી રીતે મોનીટરીંગ થાય છે તે પણ જાણશે.

# આર ટી ઓ કચેરીમાં ૮ ઈન્સ્પેકટરોની ભરતી : પ્રથમવાર ટેકનિકલ સ્ટાફની પૂર્તી

**ટ્રાફિક નિયમન, વાહન ચેકીંગ અને ડ્રાઇવીંગ ટ્રેકની કામગીરી સહીત અરજદારોના કામોનુ ઝડપથી નિવારણ આવશે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ૮ આશિષ્ટન્ટ ઈન્સપેકટરની ભરતી થતા આર ટી ઓ કચેરી અસ્તિત્વમાં આવી ત્યારબાદ પ્રથમવાર ટેકનિકલ સ્ટાફની પુર્તી થઈ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આર ટી ઓ કચેરીમાં ઈન્સપેકટરની ભરતીના અંતે માર્ગો પર ટ્રાફિક નિયમનનુ સઘન ચેકીંગ થશે. જયારે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક અને લાયસન્સ સહીતની કામગીરીને પણ વેગ મળશે.

ગાંધીનગરની આર ટી ઓ કચેરીનો વહીવટ હાઈટેક અને પેપરલેસ હોવાનો દાવો કરવામાં આવે છે. ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં મેન પાવરના અભાવ વચ્ચે વહીવટી કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયત કર્મચારી સહકારી મંડળીએ તેના સભ્યોને વીમા કવચથી રક્ષિત કર્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળીએ તેના ૨૯૫ સભ્યોને અકસ્માત વીમા યોજનાથી રક્ષિત કર્યા છે.

મંડળીના ચેરમેન કિરીટસિંહ રાઓલ, વાઈસ ચેરમેન હિરેન પટેલ તથા મંત્રી પ્રકાશ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે આ માટે મંડળી દ્વારા વીમાનું પ્રિમીયમ ભરી દેવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે મંડળીએ નફો રૂ. ૯ લાખ ૬૩ હજારથી વધુ કર્યો છે અને ૧૦ ટકા સુધી ડિવિડન્ડ ચુકવવાનો નિર્ણય પણ કરેલ છે. આ મંડળી ધીમી ગતિએ મક્કમતાથી આગળ વધી રહેલ છે અને કર્મચારીઓના હિતમાં મહત્વના નિર્ણયો લઈ રહી છે.

તેમણે જણાવ્યુ હતુ કે મૃત્યુ સહાય સભ્યને જે રૂ. ૫૦ હજાર અપાતી હતી તે વધારીને રૂ. એક લાખ કરવાનો પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.



હિટવેવ - સતત દસ દિવસથી ગાંધીનગરમાં ૪૧ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે... હરિયાળી નગરી હોવા છતાં ગરમીનું પ્રમાણ નોંધપાત્ર રીતે અનુભવાય છે... એ.સી.નો વધતી સંખ્યા અને વાહનોનું વધતું પ્રમાણ ગાંધીનગરની ગરમી વધારે છે...

# સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનને તૈયાર કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરાશે

**તંત્રના અધિકારીઓએ રાજકોટ મેદાનનુ નિરીક્ષણ કર્યુ : રણજી ખેલાડી તેમજ પીચ નિષ્ણાંતો સાથે ટુંકમાં બેઠક પણ યોજાશે**

ગાંધીનગર તા ૧૭

સે-૨૧ જીમખાનાના ક્રીકેટ મેદાનને નિખારવા માટે તંત્રના અધિકારીઓ તેમજ જીમખાનાની ટીમે રાજકોટના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેદાનનુ નિરિક્ષણ કર્યુ હતુ. ક્રિકેટ મેદાનમાં હાલ સિવિલ કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આગામી ચાર મહીનાના અંતે પીચ તેમજ મેદાનને તૈયાર કરવા માટે કોઈ કચાશ ન રહે તે માટે તંત્ર દ્વારા પુર્વ આયોજન કરવામાં આવી રહયુ છે. રાજકોટ મેદાનના નિરીક્ષણ બાદ આગામી દિવસોમાં માસ્ટર પ્લાન તૈયાર કરી યોજનાને આખરી ઓપ આપવામાં આવશે.

સે-૨૧ જીમખાના મેદાનના નવિનીકરણ માટે હાલ મકાનનુ કામ ચાલી રહયુ છે. ક્રિકેટ મેદાનને પણ નવા રૂપ રંગ આપવામાં આવશે. જયારે આગામી ફેઈઝ ટુ માં મેદાન તેમજ પીચનુ કામ શરૂ કરાશે આ માટે તંત્રના અધિકારી તેમજ જીમખાનાની ટીમે રાજકોટ મેદાનનુ નિરીક્ષણ કર્યુ હતુ. જીમખાનાના સેક્રેટરી જવલંત ત્રિવેદી , પુર્વ સેક્રેટરી એમ ડી સેલર, નાયબ કાર્યપાલક ઈજનેર જતીન ઓઝા નાયબ સ્થપતિ પ્રણવ પટેલ તેમજ ક્રિકેટ મેદાનની કામગીરી સંભાળતી એજન્સીના રજની પટેલે રાજકોટ મેદાનની મુલાકાત લઈ પાણી , સાઉન્ડ, ફુવારા, સ્પિ્રકલર સિસ્ટમ ફલડ લાઈટ , બેઠક વ્યવસ્થા સહીતની સુવિધાઓની ચકાસણી કરી હતી. જયારે આ મામલે ગાંધીનગર સ્ટેડિયમમાં પણ સુધારા વધારા સાથે ક્રિકેટ મેદાનને વધુ સુવિધાયુક્ત અને અધ્યતન બનાવવા માટે આયોજન કરવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આગામી દિવસોમાં રણજી ટ્રોફી ખેલાડી ધીરજ પરસાણા સહીત અન્ય પીચ નિષ્ણાંતો સાથે અધિકારીઓની એક બેઠક પણ યોજાશે. જયારે ક્રિકેટ મેદાનને અનુલક્ષી માસ્ટર પ્લાન તૈયાર કરાશે. ત્યારબાદ મેદાનને આખરી ઓપ આપવા માટે ઉચ્ચકક્ષાએ પ્રેઝન્ટેશન રજુ કરાશે. હાલ મેદાનને અનુલક્ષી મકાન બનાવવાનુ કામ ચાલી રહયુ છે. જયારે આગામી ચાર મહીના બાદ ફેઈઝ ટુ ની કામગીરી અન્વયે મેદાનનુ કામ શરૂ કરાશે.

## બેસણું



શ્રીમતી વિદ્યાબેન સેવંતિલાલ અજબાણીનો તા. ૧૨/૫/૨૦૧૮ના રોજ વૈકુંઠવાસ થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૮/૫/૨૦૧૮ના રોજ સાંજે ૪-૦૦ કલાકથી ૬-૦૦ કલાક દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયા મંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર**

લિ.

ગજાનન મણીલાલ અજબાણી (દિયર)

મિલિન્દ સેવંતિલાલ અજબાણી (પુત્ર) — કલ્પેશ સેવંતિલાલ અજબાણી (પુત્ર)

નયના મિલિન્દ અજબાણી (પૂત્રવધુ) — અંજના કલ્પેશ અજબાણી (પૂત્રવધુ)

કોશાંગી, જીનેશ્વરી, લાભેશ


શિક્ષકો જોઈએ છે
રોયલ સ્કૂલ
(અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત, સમાજવિદ્યા)
B.A. B.Ed., M.A.B.Ed., B.Sc. B.Ed.
B.E. કે M.E. કરેલા ઉમેદવાર પણ અરજી કરી શકશે.
(પગાર રૂ. ૧૦,૦૦૦ થી ૧૭,૦૦૦)
દહેગામ-બાયડ હાઈવે, તા. દહેગામ, જી. ગાંધીનગર
Mo. 9574453334, 9574453332

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com